

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

મતદાતાની મરજી સૂણી મા ગરબે ઘૂમશે,
પધારશે ચૂંટણીના ચોકમાં મા ગરબે ઘૂમશે,
રસીની ભક્તિથી ખેલે ખેલૈયા, ગરબે ઘૂમશે,
પોલીસ સાથે, ગાઈડલાઈન પાલન સાથે ગરબે ઘૂમશે

### હાઈકુ

સંખ્યાના રણે
શાહમૃગી નીતિથી
ચૂસ્ત પાલન...

ચેપને પણ
નેતાજીઓ રમાડે
રાસ-ગરબા

### ચિંતન

છિન્નોડપિ રોહતિ તરુઃ ક્ષીણોડપ્યુપચીયતે પુનશ્ચન્દ્રઃ ।
ઈતિ વિમૃશન્તઃ સંતઃ સન્તપ્યન્તે ન વિપદા ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ઉનાળામાં વૃક્ષોને કાપવામાં આવે તો પણ તે પાછા વધુ સારી રીતે પાંગરી ને ઘટાટોપ બને છે.

અંધારિયામાં ચંદ્રમાં ક્ષીણ થઈ જાય છે તો પણ પાછું અજવાળિયું આવતાં ચંદ્ર ખીલી ઊઠે છે. આમ જ સંજોગોવશાત્ સંતપુરુષ ઉપર આપત્તિ આવે તો પણ સમય પસાર થયા પછી આપત્તિ ટળી જતી હોય છે. અને ફરી સંતની કળા ચંદ્રમાની માફક ખીલી ઊઠે છે.

જીવનની ચડતી-પડતીમાં સમય પણ મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે. ટૂંકમાં બધા દિવસો એક સરખા જતા નથી હોતા.

### સુવિચાર

- વિશ્વાસ એ રબર જેવો છે તે દરેક ભૂલમાં ઓછો થતો જાય છે - **જનકલ્યાણ**
- જયારે પગ થાકી જાય છે ત્યારે હિમ્મત સાથ આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જહાં હમારા સ્વાર્થ સમાપ્ત હોતા હૈ...
  વહીં સે હમારી ઈન્સાનિયત આરંભ હોતી હૈ - **અમૃતબિંદુ**
- સમજે એ સ્વજન અને સ્વીકારે એ પ્રિયજન - **રોહિત શાહ**
- લક્ષ્ય વગરનું ચિંતન, શ્રદ્ધા વગરનું નમન, વિશ્વાસ વગર વંદના,
  એટલે કેવળ આડંબર - **ભૂપત વડોદરિયા**
- 'મેચ્યોર' હોવું એટલે શું ?
  આપણી આંખોને કાબુમાં રાખી બીજાની લૂછવાની - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : કડવા લીમડાના પાનમાં તુલસી તથા લીલી ચા ઉમેરી પ્રમાણસર પાણી મેળવી સાદા પાણીથી મોઢું ધોઈ નાખવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા ટોલોમીને ભૂમિતિ શીખવાની ઈચ્છા થઈ. તેઓ ભૂમિતિના પિતામહ એવા યુકલીક પાસે પહોંચ્યા. યુકલીડે રાજાને શિષ્ય બનાવી અભ્યાસ શરૂ કર્યો. કેટલાક દિવસો વીત્યા પછી રાજાને જ્ઞાન ચડતું ન હતું. રાજાએ ગુરુને કહ્યું, 'ગુરુદેવ, આ રીતે તો ભૂમિતિ શિખવી અઘરી છે. કોઈ સરળ માર્ગ હોય તો બતાવો. મને ટૂંકા સમયમાં સરળતાથી ભૂમિતિ સમજાવવા નો કોઈ માર્ગ વિચારો.'

ગુરુદેવ યુક્લિડ હસી પડ્યા. તેમના હાસ્ય પાછળનો છૂપાયેલો મર્મ સમજી શક્યા નહીં. રાજાને પૂછ્યું 'આમ કેમ હસો છો?' યુકલીડે કહ્યું, 'રાજન તમારો પ્રશ્ન જ હાસ્યસ્પદ છે. આપના રાજ દરબારમાં આવવા માટે કદાચ સામાન્ય જનતા અને ઉચ્ચ અધિકારી વર્ગ માટેના માર્ગો જુદા જુદા હોઈ શકે. પરંતુ આ તો ભૂમિતિ છે. અને ભૂમિતિના દરબારમાં તો બધા જ સરખા. જ્ઞાન પિપાસુ માટે તો એક જ માર્ગ છે તે છે. 'કઠોર અને સતત પ્રયત્ન' પ્રયત્નવિના સિદ્ધિની પ્રાપ્તિ અશક્ય જ લાગે.

રાજા ટોલોમીને સિદ્ધિનું રહસ્ય સમજાયું તેમણે ગુરુને વધુ મહેનત કરી ભૂમિતિના સિદ્ધાંતો સમજવાની તૈયારી બતાવી.

# જેપીને ભૂલી જવા એ રાષ્ટ્રવંચના છે

**તંત્રીસ્થાનેથી...**

શું મહાપુરુષોના જીવન પર સારાનરસા ગ્રહમાનની અસર રહેતી હશે ? પ્રશ્ન જરા ચોંકાવશે પણ એ વિશે કયારેક વિચાર કરવા જેવો છે. આપણે યાદ કરીએ છીએ થોડાક એવા ભાગ્યશાળી મહાનુભાવોને જેમણે આઝાદી જેવી ચળવળનું સુકાન સંભાળ્યું અને પછી રાષ્ટ્રપિતા જેવું હુલામણું બિરુદ અંકે કર્યું, અથવા એવા નેતાઓને જેમણે વડાપ્રધાન કે નાયબ વડાપ્રધાન જેવા પર ભોગવ્યા છે. ગાંધીજીના ગુરુ તરીકે કવચિત્ ગોખળે કે શ્રીમદ્ રાજચંદ્ર યાદ આવી જાય છે. વિવેકાનંને યાદ કરીને આપણે એમના કરતાં ઘણું મોટું પ્રદાન કરનાર ગુજરાતી સાધુ દયાનંદને ભૂલી જઈએ છીએ. નહેરુ અને સરદાર કરતાં જયપ્રકાશ નારાયણ કે રામ મનોહર લોહિયાનું રાષ્ટ્રીય યોગદાન ઓછું નહોતું. સને ૧૯૦૨માં જન્મેલા અને પરણ્યા પછી પણ આજીવન બ્રહ્મચર્ય પાળનારા જયપ્રકાશ નારાયણનું તો એક તબક્કે દેશના વડાપ્રધાન પદ માટે જોરશોરથી નામ પણ ગાજતું થયેલું - પરંતુ એમને પક્ષાતીત રાજનીતિનો નવો સિદ્ધાંત સ્થાપી ચૂંટણીથી જ વેગળા રહેવાનું પસંદ કર્યું અને વિનોબાની રચનાત્મક ભૂદાન પ્રવૃત્તિ સાથે જોડાઈ ગયા. તા. ૧૧ ઓકટોબર એ જેપીની જન્મ તારીખ છે. કેટલાને યાદ હશે ? જેપી વિશે જનતા દળ (યુ)ના મહાસચિવ કે.સી. ત્યાગીએ આજે 'નવભારત ટાઈમ્સ' માં એક શ્રદ્ધાંજલી લેખ લખ્યો છે. એ લખે છે : 'ગાંધી પછી દેશના રાજકારણમાં જેટલા અને જેવા પ્રયોગો જેપીએ કર્યા છે - એવા દાખલા બીજે શોધ્યા નહીં જડે. સમતામૂલક સમાજ, લોકશાહી, નાગરિક અધિકાર, ભ્રષ્ટાચાર ઉન્મૂલન અને તમામ પ્રકારનાં શોષણ-જુલમ-બળજબરીથી મુક્ત સમાજની ચર્ચા નીકળતાંવેંત જયપ્રકાશ યાદ આવી જાય. એમનું સંપૂર્ણ જીવન અનેકવિધ આદર્શોને વરેલું હતું.' જયપ્રકાશ નારાયણ અમેરિકાની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થામાંથી સ્નાતક થઈ સ્વદેશ પાછા ફર્યા ત્યારે માર્કર્સવાદી વિચારધારાથી પ્રભાવિત થયા. લેનિનની આગેવાની હેઠળની સોવિયેત ક્રાંતિ (૧૯૧૭) ને એક દાયકો થઈ ચૂક્યો હતો. ૧૯૨૯માં ભારત આવતાંની સાથે તેઓ સ્થાનિક માર્કસવાદી અગ્રણીઓના સંપર્કમાં આવ્યા. બીજી તરફ પંડિત જવાહરલાલ નહેરુ બ્રિટનમાં ભણી ગણીને સ્વદેસ આવી કોંગ્રેસમાં રસ લેવા લાગ્યા કારણ કે એમના પિતા પં. મોતીલાલ નહેરુ ત્યારે કોંગ્રેસના પ્રખર આગેવાન હતા. પરંતુ નહેરુ ખુલ્લા મનના રાષ્ટ્રનાયક બનવા સરજાયા હતા એટલે સમાજવાદી વિચારધારાને વરેલા અને કોંગ્રેસથી અલગ પોતાની વૈચારિક ચળવળ ચલાવતા મીનુ મસાણી, એન.જી. ગોરે, ઈ.એમ.એસ. નંબૂદિરીયાદ, આચાર્ય નરેન્દ્ર દેવ, ડૉ. સંપૂર્ણાનંદ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, ડૉ. રામનમોહર લોહિયા, એસ.એમ. જોશી, નવકૃષ્ણ ચૌધરી, અચ્યુત પટવર્ધન, યુસુફ મહેરઅલી, અશોક મહેતા વગેરે સાથે સંકળાઈને એક રાષ્ટ્રીય મોરચો બનાવી દેશમાં આર્થિક અને સામાજિક પરિવર્તન આણવા કૃતસંકલ્પ હતા. જે.પી. ૧૯૩૨માં પહેલી વાર પકડાયા અને ૮ નવેમ્બર, ૧૯૪૨ના દિવસે જેની ૧૭ ફૂટ ઊંચી દીવાલ કૂદીને જેલ તોડીને ભાગ્યા. નહેરુ ઈચ્છતા હતા કે સમાજવાદી જૂથ કોંગ્રેસનો જ એક હિસ્સો બને. જેપીને અંડરગ્રાઉન્ડ રહી યુવાનોને સંગઠિત કર્યા અને આખરે ૧૯૪૩માં નેપાળમાંથી ડૉ. રામમનોહર લોહિયા સાથે પકડાઈ જતાં લાહોર જેલમાં અનેક ભીષણ યાતનાઓ ભોગવી. ૧૯૪૭ આવતાં સુધીમાં સમાજવાદી નેતાઓનું ભ્રમ નિરસન થઈ ગયું. એમણે ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ અલગ પાર્ટી સ્થાપી અને ૧૯૫૨ની પેલી ચૂંટણીમાં જવાહરલાલ નહેરુની પ્રચંડ આભા સામે એમના ઉમેદવાર ખરાબ રીતે હાર્યા. એ પછી ૧૯૭૪માં જેપીનો 'લોકનાયક' સ્વરુપે નવો અવતાર દેશની સામે આવે છે. 'સંપૂર્ણ ક્રાંતિ' નો નારો ગૂંજે છે. ઈંદિરા ગાંધીની કટોકટી સામે આખો દેશ એમની હાકલ પર એકજૂટ થાય છે. આખરે જનતા પાર્ટીનું રાજ સ્થપાય છે અને મોરારજી દેસાઈ વડાપ્રધાન બને છે. આ તમામ પ્રકારની નિઃસ્પૃહ રાજકીય ચળવળમાં જેપી તો પક્ષાતીત જ રહે છે. પદનું તો એમને કયારેય સપનું પણ નથી આવતું. આખરે તેઓ દેશને લોકતંત્રની પ્રચંડ તાકાતનું નિદર્શન કરી વિદાય લે છે. શું આવા લોકનાયકને ભૂલી જઈ આપણે આત્મવંચના જ નહીં, બલકે 'રાષ્ટ્ર વંચના' નથી કરતા ? નહેરુ અને સરદાર પટેલ જેટલા જ બલકે એમનાથી મૂઠી ઊંચેરા નેતાની વિચારધારાથી આકર્ષાયેલા એ સમયના જુવાનિયા - લાલુ યાદવ, મુલાયમસિંહ યાદવ અને રામવિલાસ કે નીતીશકુમારે એમના સિદ્ધાંતને નેવે મૂકવામાં કશી મણા રાખી છે ખરી ?

# પરંપરાગત રુપે ગવાતા આ બેઠા ગરબા એ સામૂહિક અને સાંસ્કૃતિક આનંદનું પ્રતિક છે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'મા ની કૃપા થઈ તે ફરી આપણે સહુ ગરબે ઘૂમતા થયા' હમણાં આ વાક્ય આપણે રોજ સાંભળીએ છીએ.

ગત વર્ષે નવરાત્રીમાં કોરોનાની જેટલી તીવ્ર અસર હતી એટલી આ વર્ષે નથી અને એટલે કોરોના ગાઈડલાઈન્સના પાલન સાથે પણ આદ્યશક્તિના પવિત્ર યાત્રાધામોમાં ભક્તો દર્શને જાય છે અને પોળ-સોસાયટી-શેરીમાં ગરબા પણ રમાય છે.

ગુજરાતની ઓળખ ગરબો છે અને નવરાત્રી હવે વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ પ્રસંગે જાણીતો ઉત્સવ છે.

ગરબો એટલે શું ? જુદા જુદા ઉત્તરો જુદા જુદા સમયે મળે છે. માતાજીના સ્થાપન સામે ગીત-સંગીત - નૃત્યનો ત્રિવેણી સંગમ તે ગરબો, કાણાંવાળી માટલીમાં દીવડો પ્રગટાવી સ્થાપન કરાય તે ગરબો, ગરબો ગવાય, ગરબો લેવાય, ગરબો ઝીલાય. નવરાત્રીમાં ઘરે ઘરે અખંડ જયોત સાથે માટીના બનેલા ગેરુ રંગ્યાં છિદ્રોવાળા ગરબાનું સ્થાપન થાય. આઠમના દિવસો હવન તાય અને નોમના દિવસે નૈવેદ્ય ધરાવાય. નવરાત્રીમાં મોડી સાંજથી મોડી રાત્રી સુધી ઘરના સભ્યો, સગા-વ્હાલા - પાડોશીઓ ભક્તિભાવથી બેઠા ગરબાનું ગાન કરે. લય અને તાલ સાથે મા જગદંબાની સ્તુતિ, સ્તોત્ર, પરંપરાગત લોકગીતો, કાવ્યસંગીત, વગેરે થકી મા નું મહિમા ગાન થાય અને દિવ્ય વાતાવરણ ઊભું થાય. સમય જતા ગાનાર ને સાંભળનાર ભાવાવેશમાં આવી નર્તન કરવા માંડે, રમવા માંડે, એમને મન તો એ સ્થાન જ ચાચર ચોક બની જાય.

નોરતાના દીવાના અજવાળા રેલાય ને ગુજરાતની સ્ત્રીઓ જાણે આદ્યશક્તિનું સાક્ષાત્ સ્વરુપ હોય એમ ગરબે ઘૂમે. ગરબાના અભ્યાસીઓ નોંધે છે. એમ, અનેક પ્રકારના ગરબા છે એમાંનો એક પ્રાચીન પ્રકારને બેઠા ગરબા. જયારે ઘરની બહેનો - દીકરીઓ ગરબે રમવા ખુલ્લા ચોકમાં નહિ આવી શકતી હોય ત્યારે ઘરમાં બેસીને ગવાતા આ બેઠા ગરબાનો આરંભ થયો હશે એમ મનાય છે. તાજેતરમાં જેનો વિમોચન સમારોહ ભાવનગરમાં યોજાયો હતો એ પુસ્તક 'પગેરુ બેઠા ગરબાનું' માં લેખક સંશોધક શ્રી જગદીશ પંડ્યા લખે છે કે 'બેઠાં ગરબાં રાસ-લોકનૃત્ય ગુજરાતનું અમૂલ્ય સાંસ્કૃતિક ઘરેલું છે.'

આ પુસ્તકમાં યજ્ઞેશ આચાર્ય નોંધે છે એમ ૮૦-૯૦ વર્ષો પહેલાં ભાવનગરના નાગરોમાં ઘરમાં નવરાત્રીમાં માતાજીનું સ્થાપન થતું, એ સમયે માતાજી તેડ્યા એમ કહેવાતું. જૂનાગઢમાં લગભગ સો વર્ષ જૂની પરંપરા છે બેઠા ગરબા ગાવાની. ગુજરાતના અનેક શહેરોમાં અને મુંબઈમાં ખાસ કરીને વિર્લેપાર્લે - સાંતાક્રુઝ અને અંધેરીમાં આજે પણ બેઠા ગરબા ઘરઘરમાં ગવાય છે. સુંદર અને મધુર કંઠ, શુદ્ધ ઉચ્ચારો, સાથે બેઠા ગરબાનું સંવર્ધન કરવામાં નાગરોનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

બેઠા ગરબા હવે તો સોસાયટી ઉપરાંત મંદિરોમાં ને સ્ટેજ પર કે ટીવીના પડદે પણ ગવાય છે. એક સ્ત્રી ગાય અને બાકીના ઝીલે ઈતિહાસ સાથે જોડાયેલી એક ઘટનાનો સંદર્ભ ટાંકીને યજ્ઞેશ આચાર્ય લખે છે કે જૂનાગઢમાં બેઠા ગરબામાં માત્ર પુરુષો જ ભાગ લે એવું પણ બન્યું છે. બેઠા ગરબા પારંપરિક ગરબા, લોકગીત અને શાસ્ત્રીય સંગીત પર આધારિત હોય છે. બેઠા ગરબાની પરંપરાનું સંવર્ધન થતું રહ્યું છે ને એનો ત્યાગ વધતો ગયો છે એ ખૂબ જ આનંદની વાત છે. બેઠા ગરબા સાંસ્કૃતિક અને સામાજિક રીતે અમણોલ ધરોહર છે બેઠા ગરબા સાવ સાહજિક રુપે ગવાય છે ને ઝીલાય છે. તૈયારી વિનાની તૈયારી સાથે એ વગાય છે. એના ગાયન સમયે માઈક સિસ્ટમ કે વાંજીત્રોની જરૂર નથી. કેવળ કંઠનો ઉપયોગ, તાળી, ચપટીને ઠેસ, લય બદ્ધ તાલબદ્ધ ગાયનને નર્તન... એક અર્થમાં પરંપરાગત રુપે ગવાતા આ બેઠા ગરબા એ સામૂહિક અને સાંસ્કૃતિક આનંદનું પ્રતિક છે.

આ વર્ષે માઈ મંદિરોમાં ભક્તોની ભીડ જામી છે, ગુજરાત ટુરિઝમ દ્વારા પણ વિવિધ પવિત્ર યાત્રાધામોમાં મહાઆરતી મહોત્સવના આયોજનો થયા. માની કૃપાના અજવાળા રેલાયા છે અને એ અજવાળા આપણને હવે આરોગ્યપ્રદ જીવન આપશે એવી પૂર્ણ શ્રદ્ધા સહુને છે.

# જ્યારે કોઈના આંતરવસ્ત્રો જોઈને નહીં પણ સંસ્કારોથી ખેંચાણ અનુભવશું ત્યારે કોઈ માસૂમ સ્મિત નોધારો નહીં રહે

## 'યે તો બડા ટોઈંગ હૈ...'



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

છેલ્લા બે દિવસથી સમગ્ર નગર અને રાજ્યમાં ચકચાર અને અરેરાટી જગવનાર દુર્ઘટનાએ આપણને વિચારતા કરી મૂક્યાં છે કે, કહેવાતી પ્રગતિની, આધુનિકતાની, સ્વચ્છંદતાની આ દોડ આપણને ક્યાં લઈને આવી છે!! પહેલાં તો એક ક્રૂર બાપ આઠ-નવ માસના માસૂમ બાળકને નોધારો મૂકીને ચાલ્યો જાય તે સમાચાર હતપ્રભ કરી દે...પછી અધૂરાંમાં પુરુ ખબર પડે કે આ બાળક એક અનૌરસ સંતાન છે. તે પછી ધ્યાને આવે કે લિવ ઈનમાં રહેતી તે બાળકની માતાનું કાસળ કાઢીને આ બાળકના પિતાએ ક્રૂરતાની સીમાઓ વળોટી લીધી છે.

આ દુર્ઘટના અને પેલો માસૂમ જીવ આપણને અને આ સમાજને પ્રશ્ન પૂછે છે કે આચાર, નીતિ, સભ્યતા, શરમ-લાજ, મમતા, આત્મીયતા આ બધું માત્ર શબ્દકોશમાં જ છે કે શું?

રામાયણને જરા યાદ કરી લઈએ.

સુવર્ણમૃગની છદ્મ જાળમાં આકર્ષાઈને સીતામાતા પ્રભુશ્રી રામને પરાણે તેને મારવા મોકલે છે, પછી સાધુના વેશમાં રાવણ સીતાજી પાસે આવે છે. મનાઈ કરી હોવા છતાં સીતાજી લક્ષ્મણ-રેખા ઓળંગીને બહાર નીકળે છે, અને રાવણ પોતાના અસલ સ્વરૂપમાં આવીને સીતાજીનું અપહરણ કરીને પુષ્પક વિમાનમાં લંકા તરફ પ્રયાણ કરે છે.

રામાયણની આ કથા આપણી માટે નવી નથી જ છતાં મૂકી છે, કારણકે ખૂબ માર્મિક અને પ્રતીકાત્મક છે. ફરીથી વાંચો, સુવર્ણમૃગ તે અત્યારનું મીડિયા છે, સંમોહનની જાળ પાથરીને બેઠેલું નગ્ન અને દ્વિઅર્થી સંવાદોનું મનોરંજન પીરસતું માધ્યમ છે, યે તો બડા ટોઈંગ હૈ..કહીને પુરુષના આંતરવસ્ત્ર તરફ ખેંચાતી મહિલાને જોઈને આજનો યુવાન જિન્સનું પેન્ટ કમરથી નીચે પહેરીને આંતરવસ્ત્રની પટ્ટી દેખાય તેમ જ ફરશે. કેટલું આછકલાઈભર્યું અને બિભત્સ દશ્ય ટેલિવિઝનમાં જાહેરાત સ્વરૂપે દર ૧૦મિનિટે આપણા બાળકો સમક્ષ પીરસાઈ રહ્યું છે ! ડિઓડ્રન્ટની, ટેલ્કમ પાવડરની કે આવા આંતરવસ્ત્રોની જાહેરાત તો કોઈ કામુકતાવર્ધક ઔષધની એડ હોય તેવું તેનું દશ્યાંકન હોય છે.

વડીલોની વાતો તેમની ચેતવણીરૂપી લક્ષ્મણ-રેખાને તકિયાનુસી અને વેવલી ગણનારી સીતાજી એટલે આજની કેહવાતી આધુનિક પેઢી છે (યાદ રહે આમાં છોકરા અને છોકરી બંનેનો સમાવેશ થાય છે) પ્રભુ શ્રી રામ એટલે આજનાં માતા-પિતા છે, કે જેઓ બાળકની ખોટી અને અઘટીત જીદને પણ પૂરી કરવા કટિબદ્ધ બને છે. લક્ષ્મણ એટલે એવી વ્યક્તિ કે જે ધારે તો ચોક્કસ પરિવર્તન લાવી જ શકે પણ સંજોગોને ઘૂંટણિયે પડીને અકાર્ય કરવા પણ પ્રવૃત્ત થઈ જાય છે. જ્યારે દરેકે દરેક વ્યક્તિ પોતાના સ્વધર્મને વિસ્મરી પોતાના કર્તવ્યપથ પરથી ચ્યુત થાય છે, ત્યારે એક સામાન્ય, શરીરે વૃદ્ધ એવું પક્ષી પોતાના અન્યાય વિરુદ્ધ ચૂપ ન રહેવાના ધર્મને અનુસરીને અત્યંત બળવાન એવા રાવણને પડકારે છે, પોતાનું મૃત્યુ નિશ્ચિત જ છે તે જ્ઞાત હોવા છતાં આતતાયી રાક્ષસ સામે કૂદી પડે છે. આ વૃદ્ધ ગીધ એટલે જટાયુ. રામાયણમાં ૨૪૦૦૦ શ્લોક છે, અને તેમાથી કદાચ ૨૦-૨૫ શ્લોક જ જટાયુના પ્રસંગને વર્ણવતા લખાયા છે. અને છતાં તે સામાન્ય લાગતું વૃદ્ધ પક્ષી રામાયણના અમર પાત્રોમાનું એક પાત્ર છે. કારણકે તેનુ કાર્ય જ એવું છે કે તે ઓછા સમયમાં હદય સોંસરવા ઉતરી જાય તેવા કાર્ય દ્વારા અમર થઈ જાય છે. વળી પાછી એ જ વાત - બાબુમોશાય જીંદગી લંબી નહીં બડી હોની ચાહિએ.

બાજુવાળાના ઘરમાં થાય છે ને મારે શુ? મારે કેટલા ટકા? આવી માનસિકતામાં રાચતા આપણાં જેવાં અન્યાય અને ન્યાય જેવી કોઈ પણ સંવેદનશીલ ભાવના આપણામાં પ્રવેશતી જ નથી, અથવા આપણે પ્રયત્નપૂર્વક પ્રવેશવા દેતા જ નથી. પોપટ તો ઘરની વાણી બોલે, બાળક જેવું ઘરમાં જોશે અને શીખશે તે જ બહાર દેખાશે. આપણે જ તેમને શીખવવાનું છે કે ઘરની બહેન-દિકરી અને બહારની દિકરીઓ સાથે કેવું વર્તન કરવું જોઈએ, તેમને કેવી રીતે સન્માન આપવું જોઈએ, આપણા વર્તન દ્વારા આપણે તેમને શીખવવું જ રહ્યું કે અન્યાય સહન કરવો એ પણ અન્યાય કરવા બરાબર જ છે.

જટાયુ જેવી વૃત્તિ આપણે કેળવવી પડશે જેને જોઈને બાળક શીખશે કે સમાજમાં ઘટતા કોઈ અનિચ્છનીય બનાવ વખતે કેવી રીતે સત્યનો સાથ આપવો. અન્યાય વિરુદ્ધ એકલા હોવા છતાં કેવી રીતે અવાજ ઉઠાવવો.

આપણું બાળક ઘરે આવતા અતિથિ સામે અવનવા ડાન્સ કરે તો આપણે પોરસાઈએ છીએ. તેની બદલે જો સંસ્કારની કે પછી કોઈ લાગણીસભર ભાવમાં હનુમાન-ચાલીસા કે ગાયત્રી-મંત્ર બોલે તો તેને વધુ પ્રોત્સાહિત કરીશું તો ક્યારેય સમાજ અસુરક્ષિત નહીં રહે.

હમણાં જ મુંબઈ પોલીસે અમુક ફિલ્મોના સંવાદ ટાંકીને ટ્વિટ કર્યું હતું કે

"Cinema is a reflection of our society -Here are (just) a few (of many) dialogues both our society and cinema need to reflect upon. Choose your words and actions with care – unless you want the law to intervene!"

અને પછી કેટલાંક વાંધાજનક સંવાદો મૂક્યા હતા.

વો મેરી બંદી હૈ..

વ્હેન યુ કાન્ટ ચેન્જ ધ ગર્લ, ચેન્જ ધ ગર્લ

આવા સંવાદો દ્વારા સમાજમાં ખોટો સંદેશ પહોંચે છે તે જણાવવા માટે મુંબઈ પોલીસે આ ટ્વિટ કર્યું હતું. આવું તો પ્રસારણ માધ્યમો દ્વારા કેટલું બધું આપણા બાળકો અનાયાસે ગ્રહણ કરી લેતા હશે!! તેની કોઈ સીમા નથી. કચરો મગજમાં વધુ ભરાય કે પેટમાં વધુ ભરાય બંનેથી સ્વાસ્થ્યને નુકસાન જ થાય છે. પરંતુ પેટનો કચરો તો માત્ર એક વ્યક્તિના સ્વાસ્થ્યને નુકસાન કરે છે જ્યારે મગજમાં દાખલ થયેલો કચરો તો આખા સમાજની કમર ભાંગી નાખે છે.

'ગામ હોય ત્યાં ઉકરડો હોય' એક કહેવત છે પરંતુ આ તો ગામને જ ઉકરડો બનાવવા નીકળ્યા છે. સરકારે, સામાજિક સંગઠનોએ, ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓએ અશ્લીલ અને સંસ્કૃતિ ઉપર કુઠારાઘાત કરતા આ બધા પરોક્ષ દુશ્મનોને ચોક્કસપણે લડત આપવી જોઈએ.

જ્યારે આપણી સંસ્કારોની જણસ અને મૂલ્યોની શીખ આપણે વધુ પ્રમાણમાં બાળકોને પીરસતા રહીશું તો બાળકો આપોઆપ આવા કચરાને પોતાના મગજમાં પ્રવેશવા નહીં દે અને તેની માટે આપણે સજ્જ થવું ઘણું આવશ્યક છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# લાગણીઓ ઉપર સંબંધોનું વિશ્વ આબાદ હોય છે



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

**થાય છે શાથી, મને એની બરાબર જાણ છે,**
**આપના દિલમાં, કહો તો ક્યારથી ઘમસાણ છે?**
**- કિશોર જીકાદરા**

આદિથી માંડીને અત્યાર સુધી અને આજથી માંડીને અનંતકાળ સુધી જગત જો ટક્યું છે અને ટકશે તો એક માત્ર લાગણીઓના કારણે. પ્રશ્ન એ થાય કે, લાગણી એટલે શું ? જેમાં આનંદ હોય એ લાગણી, ગ્લાની થાય દુઃખ થાય એ પણ લાગણી જ છે, વાત્સલ્ય, પ્રેમ, ઉષ્મા પણ લાગણી અને માન, સન્માન, અપમાન પણ લાગણી જ છે. ઊંચા પર્વત ઉપરથી ખળખળ વહેતા ઝરણાની જેમ હૃદયમાંથી સતત અવિરત વહેતું તત્ત્વ એટલે લાગણી. સાત્વિક લાગણીઓ હૃદયમાં પડેલા ઉઝરડા ઉપર મલય બની શાતા આપે તો ક્યારેક કોઈ તામસિક લાગણીઓ ઉઝરડા પાડીને એની ઉપર મરચાની ભૂકી ભભરાવવાનું કામ પણ કરે છે. લાગણીઓ બાગમાં ખિલેલા પુષ્પ પણ છે અને લાગણીઓ આગની ભભકતી જવાળાઓ પણ છે.

લાગણીઓ છે તો સંબંધોનું વિશ્વ આબાદ છે. લાગણી જીવન છે. લાગણીનું તત્ત્વ છે તો જગતનું સત્ય અને સત્વ સલામત છે. લાગણીઓનો પ્રદેશ નિરાળો છે. એના ત્રણ મુખ્ય વિભાગો છે સકારાત્મક લાગણીનો ઉપવન જેવો પ્રદેશ, વિઘટનકારી નકારાત્મક લાગણીઓનો જંગલ જેવો પ્રદેશ અને તટસ્થ સ્થિર લાગણીઓનો રૂક્ષ પ્રદેશ. અમુક મનોચિકિત્સકોનું તાકરણ એવું પણ રહ્યું છે કે, લાગણીઓ સામાજિક ચેતનાનો પુંજ છે. લાગણીઓ સામાજિક સાંસ્કૃતિક પરિભાષાને બૌદ્ધિક અને શારીરિક ચેતનાઓ વચ્ચે સંકલન સાધવાનું મહાત્તવનું કાર્ય કરે છે.



બ્રાયન કેવેર્નો જગતનો જાણીતો ચિંતક અને લેખક. તેમણે એમના એક મઝાના પુસ્તક 'મોર સાર્સ સીડ્સલ્લમાં સુંદર વાત કરી છે. એક ગામમાં બે ભાઈઓનું મજીયારુ ખેતર હતું. ખેતરને બંને ભાઈઓ સાથે મળીને પ્રેમપૂર્વક ખેડે. મહેનત કરીને ધાન પકવે. મોટો ભાઈ પરણેલો હતો. એને પત્ની અને બાળકો હતા. જ્યારે નાના ભાઈના લગ્ન નહતા થયા. એ કુંવારો હતો. ખેતરમાં જે કંઈ પણ પાકે આ બંને ભાઈઓ દર વખતે અડધો અડધો ભાગ કરીને લઈ લે.

એક દિવસ અપરણિત નાના ભાઈએ મનોમન વિચાર્યું કે, અમે બંને સરખે ભાગે પાક વહેંચી લઈએ એ બરાબર ન કહેવાય. હું તો અપરણિત છું. મારી જરૂરિયાતો ઓછી છે. મોટાભાઈનો પરિવાર છે. એમની જરૂરિયાતો મારા કરતા વધુ છે. એટલે મોટાભાઈને વધારે હિસ્સો મળવો જોઈએ. હંમેશા રાત્રે અંધારામાં પોતાના હિસ્સામાંથી અનાજની એક ગુણ લઈને એ બંને મકાનો વચ્ચેથી નાની ખાલી જગામાંથી પસાર થઈને મોટાભાઈના ઘરમાં મૂકી આવતો.

સામે પક્ષે મોટો ભાઈ મનોમન એમ વિચારતો હતો કે પાકના ઉત્પાદનમાં બે સરખા હિસ્સા થાય એ બરાબર નથી. હું પરણેલો છું. આગામી સમયમાં મને કંઈ થશે તો મારી પત્ની અને બાળકો મારી સંભાળ લેશે નાનકાની સંભાળ લેવાવાળુ ખોણ છે ? એને વધારે ભાગ મળવો જોઈએ. એટલે એ રાત્રે અંધારામાં પોતાના ઘરમાંથી અનાજની એક ગુણ ઉચકી કુંવારા નાના ભાઈના ખળામાં મૂકી આવે.

વર્ષો સુધી આમ ચાલ્યા કર્યું. બંને ભાઈઓને આશ્ચર્ય થાય કે અમે દર વખતે રાત્રે અંધારામાં એક ગુણ મૂકી આવીએ છીએ છતા ગુણોની સંખ્યા સવારે એટલીને એટલી જ કેમ રહે છે ? એક દિવસ રાત્રે બંને ભાઈઓ ખભે ગુણ ઉચકેલી હાલતામાં અંધારામાં અથડાઈ ગયા. બંનેને એક ક્ષણમાં વર્ષોની વિમાસણનો તોડ મળી ગયો. બંનેએ અનાજની ગુણ જમીન ઉપર નાખી ભેટી પડ્યા. બંનેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. હિલોળા લેતો લાગણીઓનો મહાસાગર અલૌકિક વાતાવરણ ફેલાવતો રહ્યો.

કહેવાય છે ને કે, સંબંધોમાં ક્યારેક અહમની જીત થતી હોય છે, પણ લાગણીઓનો તો હંમેશા વિજય જ થતો હોય છે. પ્રેમ અને લાગણીમાં પરફેક્શન કરતા સચ્ચાઈનું વધારે મહત્ત્વ હોય છે. સાચી લાગણીઓ શબ્દોની મહેતાજ ક્યારેય નથી હોતી. લાગણી તો અનુભૂતિનો વિસ્તાર છે. લાગણી, પ્રેમ અને હુંફ ત્યારે કરમાઈ જતી હોય છે જ્યારે પોતાની સમજેલી વ્યક્તિ તરફથી હુફ અને સાથ નથી સાંપડતો. કોઈને રાત્રે ઊંઘ નથી આવતી જ્યારે અમુક રાત્રે ઉંઘવા નથી માગતા લાગણી અને તિરસ્કાર વચ્ચે બસ આટલું જ અંતર સમજવાની જરૂર છે.

**ધબકાર :**
લાગણીઓ જિંદગીનો અનુપમ શણગાર છે.